


અશ્વિનભાઈ કોમર્સ કોલેજ ખાતે 'યાહુ-૨૦૧૪' ટેલેન્ટ ઈવનીંગ યોજાઈ ગઈ. શનિવારે બપોરે ૧ થી રાત્રીના ૮ સુધી ચાલેલા આ કલા અને સંસ્કૃતિના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ અદ્ભુત નૃત્યોની રજૂઆત કરી હતી.
(તસવીર : કશ્યપ નિમાવત)

# લેકાવાડાથી ચિલોડા વચ્ચે સ્ટ્રીટલાઈટના અભાવે અંધારપટ, રાત્રે જોખમી લાગતો માર્ગ

## દેશના સુરક્ષા દળોની કચેરીઓ અને રહેઠાણ આ માર્ગ ઉપર આવેલો છે, અતિ વ્યસ્ત રહેતો આ માર્ગ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના પ્રવેશ દ્વાર ગણાતો લેકાવાડાથી ચિલોડાનો માર્ગ સ્ટ્રીટલાઈટના અભાવે ભેંકાર ભાસે છે. રાત્રીના સમયે અંધારા ઉલેચતા વાહનચાલકો માટે જોખમી ગણાતા આ માર્ગ ઉપર દેશના સુરક્ષા દળોની કચેરીઓ અને રહેંઠાણ આવેલા છે. વધુમાં રાત-દિવસ વાહનોની અવરજવરથી અતિ વ્યસ્ત રહેતા આ માર્ગે સ્ટ્રીટલાઈટના અભાવે અકસ્માતોની સંભાવના ખુબ જ રહે છે. જેથી પાટનગરને અડીને આવેલા અને તેને જોડતા આ ચાર માર્ગીય માર્ગ વચ્ચે સ્ટ્રીટલાઈટનું આયોજન થાય તે અતિ આવશ્યક બન્યુ છે. અને વાહનચાલકોમાં પણ માંગ ઉભી થવા પામી છે.

ગાંધીનગરથી ચિલોડા તરફ સાબરમતી નદીને ઓળંગીને પેલી બાજુ જાણે તંત્રનો ઓરમાન વિસ્તાર શરૂ થતો હોય તેમ તેની જરૂરિયાતો પ્રત્યે બે ધ્યાન રખાયુ છે. પાટનગરમાં પ્રવેશ માટે અતિ જરૂરી એવા ચિલોડાથી લેકાવાડા વચ્ચેના ચાર માર્ગીય માર્ગ ઉપર સ્ટ્રીટલાઈટનું આયોજન જ નથી કરાયુ. જેથી રાત્રીના સમયે આ ટુંકા ગાળાનો માર્ગ અંધારપટમાં તબદીલ થઈ જાય છે. સતત વાહનોની અવરજવરથી ધમધમતો આ માર્ગ અંધારામાં અકસ્માતને આમંત્રણ આપતો હોય તેમ ભાસે છે. વળી, આ માર્ગ ઉપર દેશના સુરક્ષાદળોની કચેરીઓ તથા રહેઠાણો આવેલા છે. જેઓ પણ આ અંધારા થકી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. વધુમાં આ સુરક્ષાદળોની જરૂરિયાતો સંબંધે વારંવાર ગાંધીનગર જવુ પડતુ હોય છે જેમાં રાત્રીના સમયે માર્ગ ઉપર અંધારામાં વાહન મેળવવું પણ મુશ્કેલ બની જાય છે.

તંત્ર દ્વારા આ વિસ્તારને નિલગાય પ્રભાવિત જાહેર કરેલો છે. જેમાં અંધારામાં નિલગાયોની આ માર્ગ ઉપર અણધારી દોડાદોડ જાન લેવા અકસ્માતમાં તબદીલ થવાની શક્યતા પણ રહેલી છે. ગાંધીનગરને સંલગ્ન ગણાતા આ માર્ગ દિવસે આકર્ષક અને પાટનગરમાં પ્રવેશ સમયે ગૌરવ થાય તેવો દશ્યમાન થાય છે. વધુમાં આવવા જવાના બન્ને માર્ગો અલગ અલગ છે અને વચ્ચે સેન્ટ્રલ વર્જનું આયોજન થયું છે. આ બન્ને માર્ગની વચ્ચેના સેન્ટ્રલ વર્જ ઉપર સ્ટ્રીટલાઈટનું આયોજન થાય તો સમગ્ર વિસ્તાર રોશનીથી ઝળહળી ઉઠે તેમ છે અને રાત્રીના સમયે મુસાફરી સરળ અને બિનજોખમી બની શકે છે જેથી દૈનિક અવરજવર કરતાં વાહનચાલકો અને સ્થાનિકોએ સ્ટ્રીટલાઈટ ઉભી કરવા માંગ કરી છે.

# ગાંધીનગરના યુવાનનો સુઘડ કેનાલમાં પડતુ મુકી આપઘાત

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સે. ૨૭/૨૮ છાપરા વિસ્તારમાં રહેતા ૨૬ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર સુઘડ નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાતનું ચોક્કસ કારણ હજુ બહાર આવ્યું નથી. જો કે પોલીસની પ્રાથમિક તપાસમાં પ્રેમપ્રકરણ કારણભુત હોવાનું જાણવા મળ્યું છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સુઘડ નર્મદા કેનાલ પરના સિક્યુરીટી ગાર્ડે કેનાલના પાણીમાં એક યુવાનનો તરતો મૃતદેહ જોઈ અડાલજ પોલીસને બોલાવી લીધી હતી. જમાદાર અમરતભાઈ તેમના માણસો સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં ગાંધીનગર શહેરના સે. ૨૭/૨૮ છાપરા વિસ્તારમાં રહેતા ૨૬ વર્ષિય યુવાન સોંઢાભાઈ મેલાભાઈ ભરવાડ હોવાનું બહાર આવ્યું છે. પોલીસે મૃતકના પરિવારજનોને જાણ કરી મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ કરાવી આપઘાત કરવા પાછળનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. યુવાને પ્રેમ પ્રકરણમાં હતાશ થઈને આપઘાત કરી લીધો હોવાનું પોલીસે પ્રાથમિક તપાસ બાદ આશંકા વ્યક્ત કરી છે.



## મકરસંક્રાંતિ નજીક આવતા કુતરાં માટે લાડુ બનાવાયા

મકરસંક્રાંતિ એ આનંદ પર્વની સાથે સથે દાન પુણ્ય કમાવાનો પણ અવસર છે. મકરસંક્રાંતિ એ મુંગા જીવો પ્રત્યે દયા દાખવવાનો મહિમા શાસ્ત્રોમાં વર્ણવેલો જોવા મળે છે. ગાંધીનગરના સે-૮નીગોકુલ સોસાયટીની મહિલાઓ છેલ્લાં દસ વર્ષથી કુતરાંઓ માટે લાડુ બનાવે છે.

# ગાંધીનગરમાં ઈદે મિલાદની ઉજવણી ઉલ્લાસભેર કરવામાં આવી

ગાંધીનગર, તા. ૪

ઈસ્લામ ધર્મના પયગમ્બર સાહેબના જન્મદિનની ઈદે મિલાદની ગાંધીનગરમાં ભારે ઉલ્લાસપુર્વક ઉજવણી કરવામાં આવી હતી. ઠેર ઠેર રોશની, ધ્વજપતાકાથી શણગાર કરવામાં આવ્યો હતો. તથા સવારે શહેરના કેટલાક વિસ્તારોમાં જુલુસનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ.

ઈદે-મિલાદ નિમિત્તે છેલ્લા ઘણા દિવસોથી શહેરના મુસ્લિમ વિસ્તારોમાં વાયઝ, ન્યાઝ, માલુદ જેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઘરો અને મસ્જિદોને રોશનીથી શણગારવામાં આવી હતી. પયંગમ્બર સાહેબના જન્મદિનના અવસરે આજે વહેલી સવારથી જ શહેરના મુસ્લિમ વિસ્તારોમાં ન્યાઝના કાર્યક્રમો યોજાયા હતા. કુરાન પઠન જેવા કાર્યક્રમો બાદ સેક્ટર-૨૧ અને સેક્ટર-૨૯ના વિસ્તારોમાં જુલુસ પણ નીકળ્યુ હતુ. બપોરે સેક્ટર-૨૧ની મસ્જિદમાં પવિત્ર બાલમુબારકના દર્શનનો લાભ મુસ્લિમ બિરાદરોએ લીધો હતો. શહેરમાં ઉલ્લાસપુર્વક ઈદે મિલાદની ઉજવણી સંપન્ન થઈ હતી.

# ઓફિસ આસિસ્ટન્ટનું પેપર સરળ અને ઈઝી : ઉમેદવારો ખુશખુશાલ

## સામાન્ય અભ્યાસ અને ગણિત વિષયના પ્રશ્નો વધારે પુછાયા

ગાંધીનગર, તા. ૪

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા આજે રાજ્યભરમાં વિવિધ કેન્દ્ર પર ઓફિસ આસિસ્ટન્ટની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ હતી. જેમાં પેપર સાવ સરળ અને ઈઝી નીકળતા ઉમેદવારો ખુશખુશાલ જણાતા હતા અને ઉમેદવારોએ લાંબી મહેનત બાદ પરીક્ષા આપી રાહત અનુભવી હતી. જો કે ગણિત અને યોજનાઓના કેટલાક પ્રશ્નો અઘરા પુછાતા થોડી મુશ્કેલીમાં પણ મુકાયા હતા. એકંદરે પેપર સરળ રહ્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક માસમાં ઉપરાછાપરી એક પછી એક ૩ જેટલી સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે આ પૈકી ઓફિસ આસિસ્ટન્ટની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ હતી. રાજ્યભરમાંથી અંદાજે ૪ લાખથી વધુ ઉમેદવારોએ આ પરીક્ષા માટે ઓન લાઈન ઉમેદવારી નોંધાવી હતી. જો કે આજે યોજાયેલ પરીક્ષામાં ૩ લાખ જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ઓફિસ આસિસ્ટન્ટની ઓએમઆર પદ્ધતિ દ્વારા કુલ-૨૦૦ ગુણની હેતુલક્ષી પ્રશ્નોવાળી લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ હતી. જેમાં ઉમેદવારોને ૩ કલાકનો સમય આપવામાં આવ્યો હતો. આયોગ દ્વારા પ્રશ્નપત્રમાં સૌથી વધારે ભાર સામાન્ય અભ્યાસ વિષય પર મુકવામાં આવ્યો હતો. જ્યારે બંધારણ અને ગણિત વિષય પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. પ્રશ્નપત્રમાં જાહેર વહીવટને લગતા કેટલાક પ્રશ્નો પણ પુછવામાં આવ્યા હતા. ઉપરાંત રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ પણ પુછવામાં આવી હતી અને સ્વાવલંબન અભિયાન અંતર્ગત યોજનામાંથી એક સાથે ત્રણ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જો કે વર્તમાન પ્રવાહને લગતા અનેગુજરાતી વિષયને લગતા પ્રશ્નો ઓછા પુછવામાં આવ્યા હતા. પરંતુ એકંદરે પેપર સાવ સરળ અને ઈઝી નીકળતા વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશી જોવા મળી હતી.

# નવી શ્રમ નીતિને આજે મળનારી કેબીનેટ બેઠકમાં મંજૂરી આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં શ્રમ યોગીઓને આર્થીક રીતે રક્ષણ આપવા માટે વર્તમાન શ્રમ કાયદામાં સુધારો કરીને નવી શ્રમનીતિ રાજ્ય સરકાર દ્વારા ઘડી કાઢવામાં આવી છે. જેને આવતીકાલે મળનારી કેબીનેટ બેઠકમાં મંજુરી આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

શ્રમ અને રોજગાર વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં અમલી શ્રમ કાયદો ઘણો જુનો છે. આ કાયદામાં જરૂરી સુધારાઓ જરૂરી જણાતા આ અંગે અભ્યાસ કરીને શ્રમ કાયદામાં કેટલાક સુધારા કરીને નવી શ્રમ નીતિ ઘડવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમ કાયદામાં જરૂરી કેટલાક સુધારાઓ કરીને નવી શ્રમ નીતિ અંગેનો એક મુસદ્દો તૈયાર કરીને શ્રમ મંત્રાલયને મોકલી આપવામાં આવ્યો છે. આ મુસદ્દાને શ્રમ મંત્રીએ મંજુરી આપ્યા બાદ આવતીકાલે મળનારી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં નવ શ્રમનીતિના મુસદ્દાને મંજુરી અર્થે રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ રાજ્ય સરકારે રાજ્યમાં મેન્યુફેક્ચરીંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા અને રોજગારીની તકો વધારવા માટે એક્ઝીબીશન નીતિની જાહેરાત કરી છે.

હવે રાજ્યમાં શ્રમયોગીઓને રક્ષણ પુરૂ પાડવા માટે વર્તમાન શ્રમ કાયદાને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકારે શ્રમ કાયદામાં સુધારો કરીને નવી શ્રમ નીતિ ઘડવાનો નિર્ણય કર્યો છે. જેને આવતીકાલે મળનારી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં મંજુરી આપીને નવી શ્રમ નીતિની જાહેરાત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.




નગરની જાણીતી સંસ્થા જી.ઈ. ક્લબના યુવાઓએ કેરાલાના કુન્નર ખાતે યોજાયેલ રાષ્ટ્રીય એકતા શિબિરમાં ભાગ લીધો હતો. તાજેતરમાં રાષ્ટ્રીય યુવા યોજનાના નેતૃત્વમાં ૨૫ રાજ્યોના કુલ ૫૦૦ જેટલા યુવાઓએ ભાગ લીધો હતો. ગુજરાતમાંથી નગરની સંસ્થા જી.ઈ. ક્લબના સાગર દેસાઈ, પ્રેમલ પટેલ, રાહુલ બોહરા, કાનજી દેસાઈ, વિરાંગ પટેલ, હર્ષિલ ગોરાણીએ ભાગ લીધો હતો. જ્યાં તેઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી ગુજરાતની ગરવી પરંપરાને તાદશ્ય કરી હતી. શ્રી પંકજ ઝાલા (પ્રદેશ અધ્યક્ષ)ની આગેવાનીમાં ગાંધીનગરના આ સાત યુવાઓને જી.ઈ. ક્લબના ફાઉન્ડર પ્રમુખ કુંતલ નિમાવતનો સાથ સહકાર સોંપાયો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૩
સૂર્યાસ્ત : ૬.૦૭

## તાપમાન

મહત્તમ : ૨૬.૨ ડિ.સે.
લઘુતમ : ૧૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૪૭ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્કીન-૨ :
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
સ્કીન-૩ :
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્કીન-૨ :
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
: સ્કીન-૩ :
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઈંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્કીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
: સ્કીન-૫ :
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

### સિનેમેક્સ

: સ્કીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્કીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
સ્કીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
સ્કીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

## આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાળા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર-વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

## ચિરવિદાય

- સ્વ. સુરજબેન ગેબાભાઈ પટેલ (ઉ.વ.૭૦) મુ. હાલીસા, તા.દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. શાંતાબેન વિઠ્ઠલદાસ નેનુજી (ઉ.વ.૮૨) પ્લોટ નં. ૧૫૮૩, સેક્ટર-૫સી, ગાંધીનગર
- ભવાનભાઈ માધાભાઈ પુરબીયા (ઉ.વ.૭૮) પ્લોટ નં. ૬૨૫/૨, સેક્ટર-૧૩એ, ગાંધીનગર
- સ્વ. બચુભાઈ ફકીરભાઈ દત્ત (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૭૫૨/૨, સેક્ટર-૭બી, ગાંધીનગર
- સ્વ. નર્મદાબેન ચીમનલાલ રાઠોડ (ઉ.વ.૮૫) પ્લોટ નં. ૧૫૯૬/૨, સેક્ટર-૨સી, ગાંધીનગર